## વિષય - પર્યાવરણ ૧૯. સાથે જમીએ

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. કુટુંબ, શાળા અને પડોશમાં બનેલ બનાવો વગેરે પરથી અવલોકન અને અનુભવ કરી મૌખિક અભિપ્રાય આપે છે.(દા.ત. પસંદગી, નિર્ણય લેવો, સમસ્યા નિવારણ, જાહેર સ્થળોએ જાતિગત ભેદભાવો, પાણી, મધ્યાહન ભોજન, સમૂહભોજન, બાળકોના હક્કો, શાળામાં બાળકોનું અપમાન, સજા, બાળમજૂરી વગેરે.)

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) વૅકેશન પુરુ થયા પછી શાળામાં આવતા બાળકોએ શું કરવાનું નક્કી કર્યુ ?..............................

(અ) તહેવારની ઉજવણી (બ) રમતોત્સવ (ક) ઉજાણી (ડ) સાંસ્કૃતિક કાર્યક્રમ

(૨) ઉત્તરાયણના તહેવારના દિવસે નીચેનામાંથી કયો ખોરાક ખવાતો નથી ?..............................

(અ) તલ સાંકળી (બ) ધાણી - ચણા (ક) મમરાના લાડુ (ડ) ઉધિયું

(૩) ઉત્તરાયણનો તહેવાર માટે નીચેના પૈકી શું સાચું છે ?...........................

(અ) રંગોનો તહેવાર (બ) ફટાકડાંનો તહેવાર (ક) મટકી ફોડનો તહેવાર (ડ) પતંગોનો તહેવાર

(૪) ઉત્તરાયણનો તહેવાર કઇ તારીખે ઉજવવામાં આવે છે ?..................................

(અ) ૧૪ મી જાન્યુઆરી (બ) ૨૫ મી ડિસેમ્બર (ક) ૧૪મી ફેબ્રુઆરી (ડ) ૧ જાન્યુઆરી

(૫) મધ્યાહન ભોજન યોજના માટે નીચેના પૈકી શું સાચું છે ? .......................................................

(અ) દરેક શાળા - કોલેજોમાં યોજના ચાલે છે. (બ) બાળકોને દૂધ અને નાસ્તો આપવામાં આવે છે.

(ક) પ્રા. શાળાઓમાં બાળકોને બપોરે ગરમ ભોજન મળે છે. (ડ) બે ટાઈમ ભોજન આપવામાં આવે છે.

(૬) કયો તહેવાર તિથિ પ્રમાણે ઉજવાય છે ?...........................................................................

(અ) મકરસક્રાંતિ (બ) નાતાલ (ક) પ્રજાસત્તાકદિન (ડ) દિવાળી

(૭) કયા તહેવારમાં એકબીજા ઉપર રંગ છાંટવામાં આવે છે ?..............................................

(અ) હોળી - ધૂળેટી (બ) દિવાળી (ક) જનમાષ્ટમી (ડ) દશેરા

(૮) મધ્યાહન ભોજન યોજના દ્વારા બાળકોમાં કયા ગુણનો વિકાસ થાય છે ?................................

(અ) પરોપકાર (બ) સમૂહજીવન (ક) નેતૃત્વ (ડ) શિસ્તપાલન

(૯) ઉંધિયું બનાવવા માટે નીચેમાંથી કયા કંદમૂળનો ઉપયોગ થતો નથી ?.........................................

(અ) શક્કરિયું (બ) રતાળુ (ક) બીટ (ડ) મૂળો

(૧૦) નીચેનામાંથી કયા તહેવારમાં લોકો એકબીજાને મળવા માટે જતા નથીસ ?....................................

(અ) દશેરા (બ) નૂતન વર્ષ (ક) ઉત્તરાયણ (ડ) રમજાન ઈદ

**પ્રશ્ન-૨. યોગ્ય રીતે જોડકાં જોડો.**

| વિભાગ - અ | વિભાગ - બ |
|---|---|
| (૧) દેવદિવાળી | (અ) ગોકુળ આઠમ |
| (૨) રક્ષાબંધન | (બ) મકરસક્રાંતિ |
| (૩) જનમાષ્ટમી | (ક) ગુરૂનાનક જયંતિ |
| (૪) દશેરા | (ડ) બળેવ |
| (૫) ઉત્તરાયણ | (ઇ) વિજયાદશમી |

પ્રશ્ન- ૩. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) ઉંધિયુ બનાવવા માટે કયા કયા શાકભાજી - ફળોનો ઉપયોગ થાય છે ?............................................

...................................................................................................................................

...................................................................................................................................

(૨) ઉત્તરાયણ કઇ તારીખે ઉજવાય છે? અને તે બીજા કયા નામથી ઓળખાય છે ?..............................

...................................................................................................................................

(૩) મધ્યાહન ભોજન યોજના વિશે ટૂંકમાં જણાવો........................................................................

...................................................................................................................................

...................................................................................................................................

...................................................................................................................................

(૪) તિથિભોજન એટલે શું ?.....................................................................................................

...................................................................................................................................

(૫) દરેક તહેવાર એકબીજાથી કઇ રીતે અલગ પડે છે ?.............................................................

...................................................................................................................................

...................................................................................................................................

(૬) બાળકોએ વર્ગમાં કેવી રીતે ઉજાણી કરી ?.........................................................................

...................................................................................................................................

(૭) કયા કયા તહેવારો બધા સાથે મળીને ઉજવે છે ?...................................................................

...................................................................................................................................

(૮) તારીખ પ્રમાણે કયા કયા તેહેવારો આવે છે ?.....................................................................

...................................................................................................................................

પ્રશ્ન- ૪. નીચે આપેલી વાનગીઓ અને વસ્તુઓને લાગુ પડતા તહેવાર પ્રમાણે વર્ગીકરણ કરો.

( જલેબી , તલલાડુ, ખજૂર, રંગ અને પિચકારી, ઉંધિયુ, ફાફડા, મીઠાઇ, ફટાકડાં, પતંગ, ધાણીચણા, નવા કપડાં, સીંગની ચિક્કી, )

| દિવાળી | ઉત્તરાયણ | હોળી- ધૂળેટી | દશેરા |
|---|---|---|---|
| | | | |